ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G

# ચ-૦ અને ખ-૦ પાસે ભવ્ય ગેન્ટ્રી તૈયાર




## વાઈબ્રન્ટને વેલકમ કરવા અંગ્રેજી અને ગુજરાતી ભાષા સાથે પ્રથમવાર હીન્દી ભાષાનો ઉપયોગ

ગાંધીનગર, તા.૩૧

વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૫ને વેલકમ કરવા ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. નવા મેકઓવર સાથે નગર નવા લુકમાં જોવા મળે છે. શહેરના મુખ્યમાર્ગો આસપાસ સ્થળ અને માહીતી દર્શાવતા નવા બોર્ડસ લગાવી દેવાયા છે. જયારે ચ-૦ અને ખ-૦ પાસે મહાનુભાવોને વેલકમ કરવા ભવ્ય ગેન્ટ્રી બનાવવામાં આવી છે.

વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૫ના આડે હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે. ત્યારે છેલ્લા દોઢ મહિનાથી વ્યસ્ત તંત્ર આખરી તૈયારીઓને ઓપ આપી રહ્યુ છે. શહેરમાં સફાઈ અને બ્યુટીફીકેશનના મોટા ભાગના કામો પૂર્ણ કરી દેવાયા છે.જયારે હાલ રોડ નેટવર્કને અનુલક્ષી વિવિધ બોર્ડસ બનાવવાનું કામ ચાલી રહ્યું છે. તંત્ર કક્ષાએથી વિવિધ સ્થળો તેમજ માહિતી દર્શાવતા ૧૦૦થી વધુ નાના મોટા બોર્ડ લગાવવામાં આવી રહ્યા છે. ઘણા ઠેકાણે આ રીફલેટીવ બોર્ડસ લગાવી દેવાયા છે. રાત્રિના સમયે માર્ગ વચાળે સ્થિત કેટ આઈની સાથે આ રીફલેકટીવ બોર્ડ પણ જગમગતા જોવા મળશે.

● અનુસંધાન પાન-૭ પર

## વાઈબ્રન્ટ દરમિયાન સતર્ક રહેવા નાગરીકોને પોલીસની અપીલ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૧ પોલીસ મથક ખાતે લોક દરબારનું આયોજન થવા પામ્યું હતું. જેમાં અનેકવિધ પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી. પોલીસે આગામી દિવસોમાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટ દરમિયાન સતર્ક રહેવા અને પોતાના વાહન કે મકાન ભાડે આપતા પહેલા પ્રુફ લઈ પોલીસને જાણ કરવા નાગરિકોને અપીલ કરી હતી.

સે-૨૧ પી.આઈ. બી.એલ. ચાવડાની ઉપસ્થિતિમાં યોજાયેલા લોક દરબારમાં વાઈબ્રન્ટ સમીટને અનુલક્ષીને તકેદારી તથા સુચનોની આપ-લે કરવામાં આવી હતી. મકાન કે વાહન ભાડે આપતી વખતે પોલીસને જાણ કરવી, શંકાસ્પદ વ્યકિત કે ચીજવસ્તુ દેખાય તો તુરત જ પોલીસને જાણ કરવા પ્રજાને અનુરોધ કરાયો હતો. ગાંધીનગર શહેર વસાહત મહામંડળના અરુણ બુચ, સુધીર દેસાઈ, કિશોર જીકાદરા, ભરત દિક્ષીત, સીતારામભાઈ પટેલ સહીતના પ્રતિનિધિઓએ કાયદો-વ્યવસ્થાની સ્થિતિની જાણકારી મેળવી નાગરિકોને સહકાર આપવા અપીલ કરી હતી તે ઉપરાંત વાયબ્રન્ટના સમય દરમિયાન શાળા કોલેજ તથા કચેરીઓમાં અવર જવર માટે રસ્તો કયો ઉપયોગ કરવો? તથા વાહન વ્યવસ્થામાં અગવડ ઉભી ન થાય તેનો ખ્યાલ રાખવા રજુઆત કરી હતી તે ઉપરાંત જરુર જણાય તો શાળાના સમયમાં ફેરફાર કરવાની તાકીદે સુચના આપી હાલાકી નિવારવાની વ્યવસ્થાના ભાગરુપે જાહેરનામું બહાર પાડવા અંગે પણ રજુઆત કરવામાં આવી હતી.



**સફેદ રણમાં પનઘટનું શાનદાર પર્ફોમન્સ** - કચ્છના ધોરડો ખાતે યોજાઈ રહેલા રણોત્સવ દરમિયાન સફેદ રણના વિશાળ પટ પર ગાંધીનગરના પનઘટ કલાકેન્દ્રના કલાકારોએ ભવ્ય કલાકૃતિ રજૂ કરી પ્રવાસીઓના મન મોહી લીધા હતા. ૨૮, ૨૯ અને ૩૦ ડિસેમ્બરના રોજ પનઘટના કલાકેન્દ્રના કલાકારોએ રણોત્સવ દરમિયાન પર્ફોમન્સ આપ્યું હતું. કચ્છના ધોરડો ખાતે યોજાઈ રહેલા રણોત્સવમાં પ્રવાસીઓના ટોળાં ઉમટી રહ્યા છે. સફેદ રણના સૌંદર્યની મજા માણવા તથા ગુજરાતની વિવિધ સાંસ્કૃતિક કલાકૃતિઓને માણવા રણોત્સવમાં લોકો ઉમટી પડે છે. ગત તા. ૨૮, ૨૯ અને ૩૦ ડિસેમ્બરના રોજ ગાંધીનગરના પનઘટ કલાકેન્દ્રના ૨૯ કલાકારોએ સંચાલક ભાવિન પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતી ગરવો ગરબો, મિશ્ર રાસ, હુડો, ડીપ્પણી, બેડા ગરબો, શાસ્ત્રીય નૃત્ય, લોક નૃત્યનું ફયુઝન અને માંડવળી સાથે ગ્રાન્ડફિનાલેની ભવ્ય રજુઆત કરી હતી. ગુજરાતની વિવિધ સંસ્કૃતિનું દર્શન કરાવી તેઓએ પ્રવાસીઓના દીલ જીતી લીધા હતાં.

## સંયુકત રાષ્ટ્ર મહાસંઘના વડા બાન કી મુન ગુજરાત આવશે

ગાંધીનગર, તા.૩૧

આગામી વાઈબ્રન્ટ સમિટ ૨૦૧૫માં દેશના પ્રધાનમંત્રી સહીત અન્ય ચાર દેશોના પી.એમ. ગાંધીનગરના મહેમાન બનશે. આ ઉપરાંત સંયુકત રાષ્ટ્ર મહાસંઘના વડા બાન કી મુન પણ હાજરી આપશે. બાન કી મુન આગામી તા. ૧૦ જાન્યુઆરીના રોજ અમદાવાદ આવશે. આ દરમિયાન તેઓ ગાંધી આશ્રમની મુલાકાત લેશે. બીજા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે લંચ અને



મુખ્યમંત્રી આનંદીબેન સાથે ડીનર લેશે. વાઈબ્રન્ટ સમિટમાં દેશ અને દુનિયામાંથી વી.વી.આઈ.પી. મહાનુભાવો હાજરી આપવાના છે. ભારત ઉપરાંત અન્ય ચાર દેશોના વડાપ્રધાન વર્લ્ડ બેંકના ચેરમેન, યુ.એન.ઓ. સેક્રેટરી બાન કી મુન તેમજ પ્રતિષ્ઠીત ઉદ્યોગપતિઓ પણ ઉપસ્થિત રહેશે. સંયુકત રાષ્ટ્ર મહાસંઘના વડા બાન કી મુન પણ આગામી તા. ૧૦ જાન્યુઆરીએ અમદાવાદ આવી પહોંચશે. આ દરમિયાન તેઓ ગાંધી આશ્રમની મુલાકાત લશે. તા. ૧૧મીએ બાન કી મુન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે લંચ લેશે જયારે સાંજે આનંદીબેન સાથે ડીનર લેશે.

## શહેરમાં ઠંડીમાં નજીવો ઘટાડો : પારો ૧૦.૬ ડીગ્રી

### ગાંધીનગરમાં લઘુતમ તાપમાનમાં નજીવા ફેરફાર સાથે ઠંડીનું મોજુ યથાવત

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરમાં છેલ્લા ૩ દિવસથી ઠંડીનો પારો ઉપર નીચે નોંધાઈ રહ્યો છે. પરિણામે નગરજનોને તીવ્ર ઠંડી અને ગરમી એક સાથે અહેસાસ કરાવી રહી છે. આકરી ઠંડી વચ્ચે છેલ્લા ૩ દિવસમાં પારો ૧૦ ડિ.સે.ની આસપાસ રહેવા પામ્યો હતો જયારે ગત રોજ ૧૧.૬ ડિ.સે.ની સરખામણીએ આજે પારો ૧ ડિ.સે. નીચે નોંધાયો હતો. જો કે નગરજનોને ઠંડીનો અહેસાસ યથાવત રહેવા પામ્યો છે.

સતત ચોથા દિવસે પણ ઠંડી પોતાનો પ્રકોપ વર્તાવી રહી છે. ગત રોજની સરખામણીએ આજે લઘુત્તમ તાપમાનનો પારો ૧ ડિ.સે. નીચે રહેવા પામ્યો હતો. ગત રોજ લઘુત્તમ તાપમાનનો પારો ૧૧.૬ ડિ.સે. નોંધાયો હતો જેની સામે આજે લઘુત્તમ તાપમાનનો પારો ૧૦.૬ ડિ.સે. રહેવા પામ્યો છે અને ગત રોજની સરખામણીમાં ઠંડીમાં નજીવો વધારો થવા પામ્યો છે. ૨૦૧૪ના વર્ષના અંતિમ દિવસોમાં ઠંડીનો પારો ઉપર નીચે રહેતા નગરજનો એક સાથે તીવ્ર ઠંડી અને ગરમીનો સામનો કરી રહ્યા છે પરંતુ ઠંડીનું જોર રહેતા ઠંડી લોકોને ગરમ કપડા પહેરવા મજબુર કરી રહી છે.

છેલ્લા ૩ દિવસથી ઠંડી થોડી ઓછી રહી હતી જયારે આજે ઠંડીમાં નજીવો વધારો થયો છે. જો કે આ ઠંડીમાં પણ સ્થાનિક લોકો નવા વર્ષના આગમન સાથે ખુશખુશાલ જણાઈ રહ્યા છે. આજે લઘુત્તમ તાપમાનનો પારો ૧૦.૬ અને મહત્તમ તાપમાનનો પારો ૨૫ ડિ.સે. નોંધાયો હતો જો કે સવારે ભેજનું પ્રમાણ ૫૭ ટકા અને સાંજે ભેજનું પ્રમાણ ૩૮ ટકા રહેવા પામ્યું હતું.

## શિક્ષણ બોર્ડની સોમવારે સામાન્ય સભા

### લિવિંગ સર્ટિફિકેટમાં સુધારા સહિતની ચર્ચા કરાશે : ૨૦૧૪-૧૫ના સુધારેલા અંદાજ પત્ર તેમજ ૨૦૧૬ના સુચિત અંદાજ પત્ર મંજુરી મેળવવા રજુ કરાય તેવી વકી

અમદાવાદ, તા.૩૧

આગામી સોમવારે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની બેઠક મળનાર છે. આ પહેલા શુક્રવારે શિક્ષણ બોર્ડની કારોબારીની બેઠક મળવાની છે ત્યારે આ બેઠકમાં ધર્મ પરિવર્તન કરનાર વિદ્યાર્થીઓમાં સ્કૂલ લિવિંગ સર્ટીમાં નામ અને અટક સુધારવા અંગે ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ ઉપરાંત બોર્ડની સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૪-૧૫ના સુધારેલા અંદાજપત્ર અને વર્ષ ૨૦૧૫-૧૬ના સુચિત અંદાજપત્રને મંજુરી માટે મુકવામાં આવશે.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરની સામાન્ય સભા પાંચમી જાન્યુઆરીને સોમવારના બપોરે ૧૨.૦૦ કલાકે ગાંધીનગર ખાતે મળશે. આ સામાન્ય સભામાં વર્ષ ૨૦૧૪-૨૦૧૫નું સુધારેલ અંદાજપત્ર અને વર્ષ ૨૦૧૫-૧૬નું સૂચિત અંદાજપત્ર મુકવામાં આવશે તેમજ બોર્ડ સભ્યો તરફથી મળેલા પ્રશ્નો ઉપર ચર્ચા થશે. આ સભામાં હરેશ વાઢેળ, પ્રિયવદન કોરાટ, વાલભાઈ ખેર, ઘનશ્યામસિંહ ઝાલા દ્વારા વિદ્યાર્થીઓના શિક્ષણના હિતને લગતા તેમજ શાળાઓને સ્પર્શતા પ્રશ્નો રજૂ કરવામાં આવ્યા છે, જ્યારે પ્રિયવદન કોરાટ દ્વારા પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર






Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com